R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 18 DATE: 04-05-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

## શ્રીલંકાની જેમ ભારતમાં પણ બુરખા પર પ્રતિબંધ મુકવો જોઇએ : સંજય રાવત, શિવસેના

શ્રીલંકામાં ગત સપ્તાહે થયેલા શ્રેણીબધ્ધ બોંબ ધડાકાઓ બાદ ત્યાની સરકારે તાત્કાલિક ધોરણે સમગ્ર દેશમાં ચહેરો ઢાંકવા પર પ્રતિબંધ લગાવી દીધો છે.જેનો હવાલો આપતાં શિવસેનાના સંજય રાવતે પણ ભારતમાં બુરખા પર પ્રતિબંધ લાદવો જોઈએ તેવી રજુઆત કરી દીધી છે.તેમણે માંગણી કરતાં વડાપ્રધાન મોદી સમક્ષ દેશમાં બુરખા અને ચહેરો ઢાંકવા પર પ્રતિબંધ લાદવાની ભલામણ કરી છે.જો કે આ વિવાદને પગલે સંજય રાવતના આ નિવેદન બાદ શિવસેના પક્ષે હાથ ખંખેરી લીધા છે. અને કહ્યુ હતું કે તેમનો આ અંગત અભિપ્રાય છે તેને પાર્ટી સાથે કોઈ લેવાદેવા નથી.

શિવસેના ના મુખપત્ર સામનામાં લખવામાં આવેલા તંત્રીલેખમાં લખવામાં આવ્યુ હતું કે વડાપ્રધાન મોદીને સવાલ.રાવણની લંકામા જે થયું એ રામની અયોધ્યામાં ક્યારે થશે? શિવસેનાએ ફ્રાંસ,બ્રિટન,ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલીયાનું ઉદાહરણ આપતાં કહ્યુ હતું કે જો આ બધા દેશો આતંકી હુમલા બાદ બુરખા પર પ્રતિબંધ લગાવી શકતા હોય તો ભારતમાં પણ દેશના ભલા માટે બુરખા પર પ્રતિબંધ કેમ ન લગાવી શકાય. આ લેખમાં કહેવાયું હતું કે મોટા ભાગની મુસ્લીમ મહિલાઓ પણ બુરખાની વિરુધ્ધમાં છે આ સાથે તેમણે કહ્યુ હતું કે ભીષણ બોંબ બ્લાસ્ટ બાદ શ્રી લંકામાં બુરખો તેમજ ચહેરો ઢાંકતી તમામ વસ્તુઓ પર પ્રતિબંધ લગાવી દેવાયો છે.રાષ્ટ્રીય સુરક્ષા માટે આ નિર્ણય લેવાયો છે.અમે તેમના આ નિર્ણયને આવકારીએ છીએ.અમે વડાપ્રધાન મોદીને પણ શ્રીલંકાના રાષ્ટ્રપતિને પગલે ચાલતાં ભારતમાં પણ બુરખા પર અને ચહેરો ઢાંકતી કોઈપણ વસ્તુઓ પર પ્રતિબંધ લગાવી દેવો જોઈએ.

## સરકારી કામગીરીમાં દખલગીરી ન કરવા માટે મદ્રાસ હાઇકોર્ટે પુડુચેરીના ઉપરાજ્યપાલને આદેશ આપ્યો

રાજ્યો હોય કે કેન્દ્ર શાસિત પ્રદેશ હોય,અને જેમાં કેન્દ્રની સરકારની વિરુધ્ધ પક્ષની સરકાર હોય ત્યાં કેન્દ્રએ નીમેલા રાજ્યપાલો કે ઉપરાજયપાલો સરકારી કામગીરીમાં દખલ કરે છે તે ચાલ્યુ આવતી એક પ્રક્રિયા છે. જેના કારણે સરકાર અને રાજ્યપાલ વચ્ચે ગંભીર મતભેદો ઉભા થતા રહ્યા છે.છેલ્લા કેટલાક સમયથી પુડુચેરીના મુખ્યમંત્રી નારાયણ સ્વામી અને પુડુચેરીના લેફ્ટ જનરલ વચ્ચે સત્તા અનો સર્વોપરિતા માટે ચાલેલી રાજકીય ખેચતાણનો મામલો મદ્રાસ હાઈકોર્ટમાં પહોચ્યો હતો.જેમાં કોર્ટે ઠરાવ્યું હતું કે એલજી કિરણ બેદી પુડુચેરીમાં સમાંતર સરકાર ચલાવી શકે નહીં. તેમની એડમિનીસ્ટ્રેટર તરી કેની સત્તાઓ મર્યાદિત છે. સરકારના રોજબરોજના કામકાજમાં દખલગીરી કરી શકે નહીં.તેમની પાસે કેન્દ્ર શાસિત પ્રદેશના રોજિંદા કામકાજમાં હસ્તક્ષેપ કરવાની સત્તા નથી. તેઓ પોતાની સર્વોપરિતા સ્થાપવા કે જાહેર હિતમાં ટેકનીકલ કારણો આગળ ધરીને સરકારની રોજબરોજની કામગીરીમાં હસ્તક્ષેપ કરી શકે નહીં.

કોર્ટે કિરણ બેદીને ઝાટકતાં કહ્યુ હતું કે તેઓ સરકારને કે સરકાર વતી કોઈ આદેશ આપી શકે નહીં.કોઈ ફાઈલ અંગે તેઓ સરકારને કોઈ પુછપરછ કરી શકે નહીં.જસ્ટીસ આર.મહાદેવનો આ મામલે એડમિનિસ્ટ્રેટરને આપવામાં આવેલી સત્તાના મામલે કેન્દ્રના ગૃહ મંત્રાલયના ૨૦૧૭ના પત્રવ્યવહારોને કોરાણે મુક્યા હતા. જો કે આ જ પ્રકારે દિલ્હીમાં કેજરીવાલની સરકાર અને એલજે વચ્ચે ગજગ્રાહ ચાલી રહ્યા છે.

## સમાજવાદી પાર્ટીના ઉમેદવાર અને બીએસએફ જવાન તેજબહાદુરની ઉમેદવારી રદ કરાઇ

વારાણસી લોકસભાની સીટ પરથી સમાજવાદી પાર્ટી તરફથી ઉમેદવારી કરી રહેલા બીએસએફના જવાબ તેજબહાદુરનું ઉમેદવારી પત્રક ચુંટણી અધિકારીએ રદ કરી દીધું હતું.વારાણસીના ચુંટણી અધિકારીએ તેમને નોટીસનો જવાબ આપવા કહ્યુ હતું અને પોતની ઉમેદવારી રદ થવા અંગે તેજબહાદુરે કહ્યુ હતું કે મારી ઉમેદવારી ખોટી રીતે રદ કરવામાં આવી છે.તેઓ આ બાબતે સુપ્રીમ કોર્ટમાં રજુઆત કરવાના છે તેવું તેમણે જણાવ્યુ હતું.તેમણે કહ્યુ હતું કે મને જે ટાઈમ આપવામાં આવ્યો હતો તે પહેલાં મે જવાબ આપ્યો હોવા છતાં મારી ઉમેદવારી રદ કરી દેવાઈ હતી.તેજ બહાદુર વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુધ્ધ ચુંટણી લડી રહ્યા છે.

હવે યાદવના સ્થાને સપા તરફથી શાલિની યાદવ ઉમેદવાર બનશે.અગાઉ પણ સપાના ઉમેદવાર તેઓ જ હતા.તેઓ પહેલાં કોગ્રેસમાં હતા.અને વારાણસીના મેયરની ચુંટણીમાં તેઓ ૧.૧૩લાખ વોટ મેળવી ચુક્યા હતા.તેજબહાદુરની ઉમેદવારી રદ થતાં હવે સપાના ઉમેદવાર તરીકે શાલિની યાદવ ચુંટણી લડશે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## ફ્લેટ-એપાર્ટમેન્ટના રિડેવલપમેન્ટના કાયદાને રાષ્ટ્રપતિની મંજુરી મળી

ગુજરાતમાં હવે જર્જરિત ખાનગી-ફ્લેટ એપાર્ટમેન્ટની સોસાયટીના ૭૫ ટકા સભ્યોની સંમતિ હશે તો પણ તેનું રિડેવલપમેન્ટ થઈ શકશે. આ માટેના રાજય સરકારે ૯-૧૦-૨૦૧૮ના રોજ વિધાનસભામાં ઘડેલા કાયદાને રાષ્ટ્રપતિએ સાડા છ મહિના બાદ મંજુરી આપી છે. કાયદાને મંજુરી મળતાં અનેક બિલ્ડરો-ડેવલપરો જેઓ રીડેવલપમેન્ટના પ્રોજેક્ટ લઈને બેઠા હતા અને કાયદાને મંજુરી મળતાં અટવાઈ ગયા હતા તેમને રાહત મળશે. આ કાયદો અમલી બનતાં હવે રીયલ એસ્ટેટમાં પણ નવેસરથી ઉછાળો આવશે. અને જુના-જોખમી મકાનોના રહીશોને નવા સુઆજિત રહેણાંક મળશે તેમ મનાઈ રહ્યું છે.

ગૃહ અને કાયદા મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ ગુજરાત માલિકી ફ્લેટ(સુધારા) વિધેયક-૨૦૧૮ને રાષ્ટ્રપતિએ ૨૫ એપ્રિલે મંજુરી આપી હોવાનું જણાવ્યુ હતું. મકાનોના પુનઃનિર્માણ,પુનઃવિકાસ જરુરી હોવા છતોં તે માટે ફ્લેટ કે એપાર્ટમેન્ટ અને ખાનગી સોસાયટીમાં રહેતા રહીશોના તમામ સભ્યોની અગાઉ સો ટકા મંજુરી હોવાની પુનઃનિર્માણ કે પુનઃવિકાસની કામગીરી થઈ શકતી ન હતી. તેના કારણે રિડેવલપમેન્ટ જરુરી હોવા છતાં ન થઈ શકતાં જે મકાનો જોખમી હોય તેના રહીશોને પણ જીવનું જોખમ સર્જાતું હતું.તે સમસ્યા દુર કરવા કાયદામાં સુધારો કરતું વિધેયક ગત વર્ષે વિધાનસભામાં લાવીને પસાર કરાયું હતું. તે મુજબ ફ્લેટ-એપાર્ટમેન્ટના માલિકો ૭૫ ટકાથી ઓછા નહીં તેટલા સભ્યોની સંમતિથી રિડેવલપમેન્ટ માટે જઈ શકશે. જર્જરિત હોવા અંગેનું પ્રમાણપત્ર સોસાયટીએ લેવું પડશે. આ વિધેયકને રાજ્યપાલે અનુમતિ માટે રાષ્ટ્રપતિને મોકલી આપતાં છેવટે મંજુરી મળી ગઈ છે.હવે સરકારે આ માટેના નિયમો જાહેર કરીને કાયદો અમલી બનાવશે.

## સંયુક્ત રાષ્ટ્રે પાકિસ્તાની મસુદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કર્યો

છેલ્લા કેટલાક સમયથી ભારત પાકિસ્તાની મસુદ અઝહરને આતંકી સંગઠન જૈસે મોહમ્મંદ ના વડા તરીકે ભારતમાં આંતકી કૃત્યો માટે જવાબદાર ઠેરવીને તેને વૈશ્વિક આતંકી જાહેર કરવા માટે તનતોડ મહેનત કરતું હતું. પરંતુ ચીન અવાર નવાર ભારતની આ વાતને ઉડાડી દેતું હતું. આખરે સંયુકત રાષ્ટ્રે તેને વૈશ્વિક આતંકી જાહેર કરી દીધોછે. અગાઉ ચીને સુરક્ષા પરિષદની પ્રતિબંધ સમિતિ અંતગર્ત મસુદને બ્લેકલિસ્ટ કરવા પ્રસ્તાવમાંથી પીછેહઠ કરી હતી.. જેમાં ચીન અત્યાર સુધી વારંવાર અવરોધ સર્જતું હતું. યુએનમાં ભારતના આ નિર્ણયમાં નાના,મોટા તમામ દેશો સાથે રહ્યા હતા.અને મસુદ અઝહરને સંયુક્ત રાષ્ટ્રની પ્રતિબંધ યાદીમાં આતંકવાદી તરીકે ઘોષિત કરવામાં આવ્યો હતો.મસુદ અઝહર પુલવામામાં જે આતંકી હુમલો કરાયો હતો તેની જવાબદારી સ્વીકારી હતી.જેમાં સીઆરપીએફના ૪૦ જવાનોની હત્યા કરાઈ હતી.

ચીન હવે પોતાનું વલણ બદલી શકે છે અને આતંકી મસુદ અઝહર પરના પ્રસ્તાવ પરની પોતાની રોક હટાવી શકે તેવી પ્રબળ શક્યતા છે.ચીને કહ્યુ હતું કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા અઝહર મસુદને વૈશ્વિક આતંકી જાહેર કરવાના આ વિવાદિત મુદ્દાનો સારી રીતે ઉકેલ આવી જશે.સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવામાં ત્યાર બાદ તેની સંપત્તિ જપ્ત કરી શકાશે અને હવે તેના પર યાત્રા કરવા પર પ્રતિબંધ લાગશે અને હથિયાર સબંધિ પ્રતિબંધ લાગી શકે છે.

ચીન અત્યાર સુધીમાં મસુદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવામાં પોતાના વીટો વાપરીને તેમ કરવામાં રોક લગાવી હતી.પરંતુ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવામાં ૧૦ વર્ષનો સમય લાગ્યો હતો.ભારતે ૨૦૦૯માં આ બાબતનો પ્રસ્તાવ રાષ્ટ્રસંઘમા મુક્યો હતો.જેમાં અમેરિકા, ફ્રાંસ,બ્રિટન વિગેરનો ટેકો હતો પરંતુ દર વખતે ચીને પોતાનો વીટો વાપરીને દરખાસ્તનો અમલ થવા દીધો નહોતો.આખરે તે શક્ય બન્યું છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

લોકસભાની ચુંટણીના ચાર તબક્કા પુરા થયા પછી ભારતીય જનતા પાર્ટીને યાદ આવ્યું કે વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી ભારતીય નાગરિક નથી.જે બાબત ચુંટણી પંચે તમામ દસ્તાવેજોને ચકાસીને તેમને નાગરિકતાને પ્રમાણિત કરી હોવા છતાં,તેમજ સુપ્રીમ કોર્ટે પણ સાંસદ સ્વામીના આક્ષેપોને ફગાવી દીધા છતાં તેમજ આ મુદ્દાને વાહિયા ઠેરવ્યો છતાં.સરકારે તેમની સત્તાના ઉપયોગ સાથે ગૃહમંત્રાલય દ્વારા નાગરિકતાના મુદ્દે નોટીસ પાઠવી છે.પોતાના વિરોધીઓને કેવી રીતે યેનકેન પ્રકારે સાણસામાં લેવા તે બાબતે વિશેષ કાળજી ધરાવતી આ સરકાર આવીજ બાબતોને તેમની ટર્મ દરમિયાન પ્રાધાન્ય આપ્યું છે.

શું ખરેખર ભાજપને હારવાનો ડર સતાવી રહ્યો છે ? જો તેમના કહેવા મુજબ તેમણે છેલ્લા પાંચ વર્ષમાં કોગ્રેસે જે સીત્તરે વર્ષમાં નથી કર્યુ તે કરી બતાવ્યું છે તો આવા ખોટા પ્રયોગો કરીને શા માટે રોજ રોજ નીત નવા તાયફાઓ કરીને આબરુના ધજાગરા બોલાવે છે.વાસ્તવમાં ભારતીય જનતા પાર્ટી બેરોજગારી,કિસાન સમસ્યા,મોંઘવારી, ગરીબી,ટેક્સ,નોટબંધી,બેક કૌભાંડો વિગેરેથી ઘેરાઈ ચુકી છે.એટલે મતદારોનું ધ્યાન અન્યત્ર કેન્દ્રીત કરવા માટે આવી નોટંકીનો ઉપયોગ કરી રહ્યું છે.આવું કરવા માટે તેમની પાસે એક વિશિષ્ટ ટીમ છે જેને આવા મતલબના કાર્યો કરવાનો આદેશ છે.

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં રફાલ ડીલ મામલે કડક શબ્દોમાં આલોચના કરી છે અને કહ્યુ છે કે તમે કોર્ટેને ગોળ ગોળ ફેરવો નહીં. સ્પષ્ટપણે રજુઆત કરો કેસને અન્યત્ર ફેરવવાનો કે ઉદેશ્ય બદલવાનો પ્રયત્ન ના કરશો. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે સરકારી ઘોચ પરોણા અને કેસોમાં દબાણ સર્જીને ન્યાય વાળવા માટેના પ્રયત્નો માટે જાહેરમાં ફીટકાર વરસાવી તો તેના પરથી તમારે ધડો લેવો જોઈએ. જે સીત્તરે વર્ષમાં જુની સરકારોએ કર્યું નથી એવું બધું તમે કર્યુ અને સરકારની શાખને કલંક લગાડ્યું છે.રાજકીય પાર્ટીઓની વિચારધારાઓ અલગ અલગ હોઈ શકે છે પરંતુ તે નિષ્કલંક અને પ્રમાણિક હોવી જરુરી છે.રાજકીય સન્માન,સજ્જનતા કયારેય લોપાવી જોઈએ નહીં.જો તમને જ સત્તા મળે તો તેના માટે યોગ્યતા કેળવવી પણ જરુરી છે. માત્ર ટોળાંશાહી કે આપખુદશાહીથી જ બધુ સમુ સુતરે પાર ઉતરતું નથી.

કેટલાંક મુદ્દાઓ માત્રને માત્ર ચુંટણી આધારિત હોય છે.ભાજપે વિપક્ષી નેતાઓ ની સામે કાયદાની ચુંગાલમાં ફસાવી રાખવાનો એક યોજનાબધ્ધ કાર્યક્રમ તૈયાર કરી રાખ્યો હોય તેવું લાગી રહ્યું છે.જેથી તેઓ કાનુની વિવાદમાં ઉલઝેલા રહે અને અહીયાં તેમનુ પત્તું રાજકારણમાંથી કપાઈ જાય તેમ નિશાન તકાય.

કોઈપણ હકીકત કે તેની તપાસ કરવા કે તથ્યો મેળવવા માટે પાંચ વર્ષોનો સમયકાળ પુરતો છે તે દરમિયાન તમામ કાળા કરતુતો કે તપાસો પુરી કરી શકાય અને જો ગુનેગાર હોય તો તેને ગુનેગાર ઠેરવી શકાય. પરંતુ રાજકારણમાંથી તેમને દુર કરીને પોતે સર્વે સર્વા બની જવાની ગલીચ રીતો લાંબો સમય ચાલી શકે નહી.

એકબીજા ઉપર જુઠ્ઠા કેસ દેશમાં જુદે જુદે ઠેકાણે નોધાવીને મીડીયામાં ખોટી પબ્લીસીટી કરાવીને એકબીજા ઉપર જુઠ્ઠા કાદવ ઉછાળવાની રમતથી મતદારોને આર્કષવા માટે કરવામાં આવતા કીમીયા બેહદ શરમજનક છે. કોઈપણ પક્ષ તરફથી કરવામાં આવી ગંદી રાજકીય રીતભાતોથી શું લોકશાહી આબરુ વધી જશે.જેઓ આ જોઈ રહ્યા છે તેમને મન તમારી આબરુ નીચી ઉતરી ગઈ છે.વિવિધ પ્રકારની લાલચો,હિસા અને જબરજસ્તી, હોર્સ ટ્રેડીંગ વિગેરે શર્મનાક બાબતોમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ.આવનારી પેઢીને વારસામાં આપણે આવું આપીશું ?


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# શ્રીલંકામાં આતંકી બોમ્બમારાને કારણે ખ્રિસ્તીઓનો પવિત્ર તહેવાર ઇસ્ટર રક્તરંજિત બની ગયો :ઇસ્લામિક સ્ટેટ આતંકી સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી




શ્રીલંકામાં ચર્ચો પર થયેલા હુમલાઓ ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચની મસ્જીદમાં થયેલા હુમલાનો બદલો લેવા માટે કરાયો છે તેવો આતંકવાદી સંગઠને દાવો કર્યો હતો.ઈસ્ટર સન્ડેના રોજ શ્રીલંકામાં થયેલા આત્મઘાતી આતંકવાદી હુમલામાં ૩૦૦ જેટલા વ્યક્તિઓના મોત નિપજ્યા હતા અને તેટલાજ ઘાયલ થયા હતા તેવા સમાચારો આવ્યા હતા.

પ્રારંભિક તપાસમાં એવું જાણવા મળ્યુ હતું કે ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટ ચર્ચ ખાતે માર્ચ મહિનામાં મસ્જીદ પર થયેલા હુમલાનો બદલો લેવા માટે શ્રીલંકાના ચર્ચો પર હુમલો કરાયો હતો. ૧૫મી માર્ચે ક્રાઈસ્ટ ચર્ચની બે મસ્જીદ પર એક ઓસ્ટ્રેલિયન નાગરિકે કરેલા હુમલામાં ૫૦ મુસ્લીમોના મોત નિપજ્યા હતા.બીજી બાજું ખુંખાર આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટે શ્રીલંકાના હુમલાની જવાબદારી સ્વીકારી હતી.હુમલામાં મૃતકોની સંખ્યામાં પોલીસ પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે મોતનો આંક ૩૦૦ વટાવી ગયો હતો.અને આ હુમલામાં ૫૦૦થી વધુને ઈજા પહોંચી હતી.આતંકવાદી હુમલાના સંદર્ભમાં ૪૦ કરતાં વધુ શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી હતી.ભારતના વિદેશમંત્રી ના જણાવ્યા મુજબ આ આતંકી હુમલામાં ૧૦ ભારતીયોના મોત નિપજ્યા હતા.

ઈસ્લામિક સ્ટેટની એક એજન્સી દ્વારા કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું કે શ્રીલંકામાં જે વિવિધ સ્થળે હુમલા કરવામાં આવ્યા તે ઈસ્લામિક સ્ટેટના ફાઈટર્સ દ્વારા કરવામાં આવ્યા છે. જો તેના નક્કર પુરાવા આપવામાં આવ્યા નથી. ઉલ્લેખનીય છે કે શ્રીલંકામાં ઈસ્ટર સન્ડેના રોજ થયેલા આતંકવાદી હુમલામાં પ્રારંભિક તપાસ દરમિયાન ઈસ્લામિક સ્ટેટની સંડોવણીના સંકેતો પ્રાપ્ત થયા છે.આ બાબતે કેટલીક તાસવીરો જારી કરાઈ છે જે આત્મઘાતી હુમલાખોર જણાવાયા હતા. આ ત્રણ આત્મઘાતી હુમલાખોરોમાં અબુલ બાર્યા, અલ મુખ્તાર અને અબુ ઉબૈદાનો સમાવેશ થાય છે.ઈસ્ટર સન્ડેના દિવસે થયેલા આત્મઘાતી આતંકી હુમલાને કારણે દેશમાં ઈમરજન્સી ની જાહેરાત કરવામાં આવી હતી અને દેશભરની સરકારી કચેરીઓ પર અડધી કાઠીએ રાષ્ટ્રધ્વજ લહેરાવીને મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરાઈ હતી.

શ્રીલંકામાં થયેલા આઠ સિરીયલ બ્લાસ્ટમાં ઈસ્લામિક જુથના સાત આત્મઘાતી બોમ્બરો હોવાનું મનાય છે.બોમ્બ ધડાકાઓ બાદ હાથ ધરાયેલી તપાસમાં આખા શહેરને નેસ્તનાબદુ કરવાનું હોય તેટલી માત્રામાં ૮૭ ડેટોનેટર્સ મળી આવ્યા હતા. પેટ્ટાહ વિસ્તારમાં સેન્ટ્રલ કોલંબો બસ સ્ટેશન્ આ તમામ ડેટોનેટર્સ મળી આવ્યા હતા.અન્ય એક સ્થળેથી જમીન પર મુકાયેલા ૧૨ બોમ્બ ડેટોનેટર્સ મળી આવ્યા હતા.આ દર્શાવે છે કે આતંકીઓ વધુ બોમ્બ ધડાકાઓ કરવાના હતા.સરકારી પ્રવક્તાએ જણાવ્યુ હતું કે નેશનલ તાવહીદ જમાત નામના એક સ્થાનિક ઈસ્લામિક કટ્ટરપંથી જુથે આ બ્લાસ્ટનું કાવતરુ ઘડ્યું હોવાની શંકા છે.

ઈસ્ટર સન્ડે ના આતંકી બોમ્બ બ્લાસ્ટ પછી તપાસ કરી રહેલા સુરક્ષાના ઘેરા વચ્ચે કોલંબોમાં એક ચર્ચ નજીક કારમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો જેમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.બોમ્બ નાશક ટુકડી બોમ્બનો નાશ કરી રહી હતી ત્યારે આ ભયાનક વિસ્ફોટ થયો હતો. અને કાર આગની જવાળામાં લપેટાઈ ગઈ હતી.નજીકમાં પાર્ક કરેલી કેટલીક કારોના ફુરચેફુરચા ઉડી ગયા હતા. ઈસ્ટર સન્ડેના દિવસો થયેલા હુમલામાં ભારતના જેડીએસના ૪ નેતાઓ સહીત ૬ ભારતીયોના મોત નિપજ્યા હતા.કર્ણાટકના મુખ્યમંત્રી કુમારસ્વામીએ જણાવ્યા મુજબ જેડીએસના ૭ નેતા કોલંબો ગયા હતા અને હોટેલ શાંગ્રીલામાં ઉતર્યા હતા. જ્યાં તેઓ આતંકી હુમલાનો ભોગ બન્યા હતા. બે લોકો લાપત્તા બન્યા છે જેમની શોધખોળ ચાલું છે.જો હજુ સુધી આ હુમલા પાછળના લોકોનો સત્તાવાર સંડોવણીની ભાળ મળી નથી.

**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો**


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

# ભારતના બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકર



ભારતના બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરનો જન્મ ૧૪મી એપ્રિલ,મધ્યપ્રદેશના મહુ ગામમાં થયો હતો.વર્ષ૧૮૯૧માં તેમનો જન્મ થયો તેથી આજ તેમનો ૧૨૮મો જન્મદિવસ આપણે મનાવીયે છીએ.તેઓ તેમના પિતાનું ચૌદમું સંતાન હતા.

૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ પછી સ્વતંત્ર ભારતમાં બંધારણ રચવાનો પ્રશ્ન આવ્યો ત્યારે સરદાર અને નહેરુએ ગાંધીજી સમક્ષ બંધારણના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વિદ્વાન સર ઈવોર જેનિંગના નામનું સુચન કર્યું હતું. પરંતુ ગાંધીજીએ ડો.આંબેડકર તરફ સંકેત કર્યો હતો.પરિણામે બંધારણના ડ્રાફ્ટીંગ ચેરમેન તરીકે ડો.આંબેડકરની પસંદગી કરવામાં આવી.આ કમિટીના અન્ય સભ્યોમાં કનૈયાલાલ મુનશી,એ,કે.ઐયર,સૈયદ મહંમદ સાદુલ્લા, એન.ગોપાલ સ્વામી આયંગર , ટી.પી. ખૈતાન અને બી.એલ. મિત્તર હતા.આ ઉપરાંત વિવિધ વિષયોને અનુલક્ષી જુદી જુદી કમિટીઓની રચના પણ કરવામાં આવી હતી.

ડો.બાબાસાહેબ આંબેડકર ૩૦ ઓગષ્ટ ૧૯૪૭ના દિવસથી બંધારણના નિર્માણના કાર્યમાં લાગી ગયા અને આખરે ૨ વર્ષ ૧૧માસ અને ૧૮ દિવસના સતત અવિરત પ્રયત્ન પછી ડો.બાબાસાહેબે ૨૫ નવેમ્બર ૧૯૪૯ના દિવસે બંધારણસભાના પ્રમુખ ડો.રાજેન્દ્રપ્રસાદને બંધારણનો ખરડો સુપરત કર્યો.એ દિવસે બંધારણ સભાના ૭૦ સભ્યોએ ચર્ચામાં ભાગ લઈને આંબેડકરની બંધારણ નિર્માણની શક્તિને બિરદાવી હતી.

ડો.બાબાસાહેબ આંબેડકરે પોતાની અસ્વસ્થ તબિયત હોવા છતાં ખુબજ ઉત્સાહ અને લગનથી બંધારણ ઘડવાનું કામ કર્યુ હતું તેની નોધ કમિટિએ લીધી હતી.આ પ્રસંગે બંધારણ સભાને સંબોધતાં આંબેડકરે ખુબજ પ્રેરણાત્મક અને દિશાસુચક ઉદ્‌ગારો વ્યક્ત કર્યા હતા.તેમણે કહ્યુ હતું કે મને લાગે છે કે બંધારણ પ્રમાણે કામ થઈ શકે છે. તે એટલું મજબુત છે કે શાંતિ અને યુધ્ધના સમયે પણ કામ આપી શકે છે.જો તમે મને એ કહેવાની અનુમતિ આપશો તો હું કહીશ કે નવા બંધારણ પ્રમાણે કાર્ય કરવાની વાત બગડતી હોય તો તેનું કારણ એ નહીં આપું કે બંધારણ ખરાબ છે.આપણે એ કહેવું પડશે કે તેનો ઉપયોગ કરનારા દોષિત સાબિત થયા છે.

બાબાસાહેબે રાજકારણમાં સક્રિય રહેવા માટે અને દલિતોના ઉત્કર્ષ માટે જુલાઈ ૧૯૪૨માં નાગપુરમાં શેડ્યુલ કાસ્ટ ફેડરેશનની રચના કરી હતી.પરંતુ તેને જન સમર્થન મળ્યું નહોતું.અને આબંડકરના ફેડરેશનને ચુંટણીમાં પણ યશ મળ્યો નહોતો.પરંતુ આંબેડકરની બુધ્ધિ પ્રતિભાનો રાષ્ટ્રીય સ્તરે ઉપયોગ થાય તેવા હેતુથી પ્રેરાઈને સરદાર પટેલે તે વખતના મુંબઈના મુખ્યમંત્રી બી.જી ખેરને સુચના આપી કે આંબેડકરને મુબઈની બેઠક પરથી ચુંટાવીને બંધારણસભામાં મોકલી આપો.

હાલમાં કેટલાક રાજકીય પક્ષોના અંગત મંતવ્યો એવા છે કે આપણું બંધારણ યોગ્ય નથી.તેને બદલી નાંખવુ જોઈએ.પરંતુ બાબા સાહેબ આંબેડકરના મતે તે ખોટું છે.તેમણે કહ્યુ હતું કેબંધારણ ખરાબ છે તેના કરતાં એવું કહેવું પડશે કે તેનો ઉપયોગ કરનારા દોષિત સાબિત થયા છે.કેટલીક રાજકીય પાર્ટીએ પોતાનું આ દેશ માટે અલગ બંધારણ તૈયાર કરી દીધું છે.અને જો તેઓ બહુમતીમાં આવી જાય તો કદાચ આ બંધારણને રદ્દીમાં ફેકી દેવાની કવાયત કરી શકે તેમ છે.પરંતુ જે કાળજી બંધારણ ઘડવામાં બાબા સાહેબ દ્વારા લેવાઈ છે તેનો જોડ જડે તેમ નથી.

જો કે બાબા સાહેબે આ દેશ પર બંધારણ બનાવીને કરેલા ઉપકારોને હાલના લોકો ભુલી રહ્યા છે.કેટલાકને આ બંધારણ સ્વીકાર્ય નથી.કેટલાક નવા બધારણની રાહ જોઈ રહ્યા છે.

# જીભને જીતવી એ બધી જ વસ્તુઓને જીતવા બરાબર છે

દરેક માણસને જુદી જુદી ચીજવસ્તુઓ ખાવાનો શોખ હોય છે.દરેકને જુદો જુદો સ્વાદ હોય છે. આ સ્વાદ જે છે તે જીભ સાથે સીધો સંકળાયેલો છે. આપણા શરીરના દરેક અવયવની પોતાની કામગીરી ઈશ્વરે નિર્મિત કરેલી છે.આંખનું કામ જોવાનું, નાકનું શ્વાસોચ્છવાસ કરવાનું અને મોઢાનું કામ ખાવાનું છે. દાંતનુ કામ ખોરાક ચાવવાનું છે અને જીભનું? જીભનુ મુળ કામ તો મોઢામાના ખોરાકને આઘોપાછો કરીને એમાં લાળ ભેળવવાનું હોય છે.જીભ એ સ્વાદની ઈન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે.સ્વાદની સાથે સાથે એ ભાષાના ઉચ્ચાર-વાણી માટે પણ વધારાની કામગીરી કરે છે.જીભ-સ્વાદ અને વાચા એમ બેવડી ભુમિકા ભજવે છે.જીભ માટે આપણી ભાષામાં અનેક રૂઢીપ્રયોગો કહેવાતા ઉખાણા મળે છે.પણ આપણે તો એની બોલવાની કર્મેન્દ્રીય તરીકે ન જોતા સ્વાદેન્દ્રીય તરીકે ઓળખવી જોઈએ તો સ્વાદ પારખવાની અને સ્વાદ ચાખવાની કામગીરી માત્ર જીભની જ છે.મોઢામાંથી ગળા નીચે ખોરાક ઉતરે ત્યારથી એના સ્વાદનો અનુભવ પુરો થાય છે.ખાટો-તીખો-તુરો-કડવો-આ બધા જ સ્વાદની પરખ જીભ દ્વારા જ થાય છે.દરેક વ્યક્તિને ખાવા માટે જુદા જુદા સ્વાદ પસંદ હોય છે.બધા જ સ્વાદ બધાને અનુકુળ હોતા નથી.આપણે જે વસ્તુ ચાખીએ છીએ તે રસનેન્દ્રીયથી જે અનુભવ થાયછે. એ સ્વાદ છે સ્વાદનો શોખ હોય, પણ પોતાની શરીરની જરુરીયાત પ્રમાણે જ એને લેવામાં આવે તો વાંધો નથી.સ્વાદ એક એવી બાબત છે,જેને એનો ચટકો લાગે તે એને છોડી શકતો નથી.ઘણી વખત માણસ આવી આંધળી સ્વાદભક્તિ મૃત્યુ સુધી પણ લઈ જતી હોય છે. સ્વાદને જીતવો સહેલી બાબત નથી. ગાંધીજીએ કહ્યું છે : જેણે સ્વાદને જીત્યો નથી એ વિષયને જીતી શકતો નથી, સ્વાદને જીતવો કઠીન છે,પણ એ વિજયની સાથે જ બીજો વિષય સંભવે છે.આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે : જેણે રસ જીત્યો તેણે જગતને જીત્યું , એ રીતે સ્વાદના જયનો મહિમા ગાવામાં આવ્યો છે.સ્વાદની શક્તિ અમાપ છે.દરેકને સ્વાદની જરુરીયાત અલગ અને ઓછી વત્તી હોય છે. જીભ ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદઅંકુરો રહેલા છે.એમાંથી નીચલી નાડીઓમાં શાખા જાય છે જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

કેટલીક વસ્તુઓ આપણને અધિક સ્વાદિષ્ટ લાગતી હોય, એ ખાવામાં પ્રમાણભાન અતિ જરુરી છે.અકરાંતિયાની જેમ ખા ખા કરવાથી તે રોગને આમંત્રણ આપે છે. ભાવતી વસ્તુ વધારે ખાવી એના કરતાં તે ઓછી ખાઈને એનો સ્વાદ માણી શકાય છે.ભાવતી વાનગી પ્રત્યેનો વધારે પડતો ભાવ માણસને મૃત્યુનો માર્ગ ચીંધતો હોય છે.સ્વાદને માણવો એ એક અલગ પ્રક્રિયા છે.અને સ્વાદને પેટમાં મન ફાવે તેમ ભરવો તે બીજી બાબત છે.આપણે જાણીએ છીએ કે જે વસ્તુ પ્રત્યે આપણને વધારે આર્કષણ હોય તે વધારેમાં વધારે દુઃખી કરે છે.આપણા શરીરને અનુકુળ ન હોય છતાંય આપણને એનો સ્વાદ દાઢે લાગ્યો હોય, તો પણ એનો ત્યાગ કરવો એમાં જ આપણું શ્રેય છે.ચીનમાં કહેવત છે : ઓછુ ખાવ-લાંબુ જીવો. આપણા શાસ્ત્રોમાં પણ એ જ વાત ઢોલ વગાડીને કહેવામાં આવી છે.આપણે આગળ કહ્યું એમ જીભને જીતો, જીભને બે રીતે જીતવાની હોય છે. એક તો એનો સ્વાદ અને બીજી એની વાણી. સ્વાદને જીતો તો નિરોગી રહેશો અને વાણી જીતશો તો સંસાર સાથે પ્રેમમય રહેશો.મહાત્મા ગાંધીએ કહ્યું છે : જીભને જીતવી એ બધી જ વસ્તુઓ જીતવા બરાબર છે.જીભ ધારે તો આ વિશ્વનો વિનાશ નોતરી શકે છે.જીભથી આપણો અંત આવી શકે,જીભનો સ્વાદ વિનાશને પણ બોલાવી શકે છે.જે જે વધારે સ્વાદિષ્ટ હોય તેને ઉત્તરોત્તર ખાવું જોઈએ. સ્વાદનો આનંદ લેવો જોઈએ. આપણું પેટ કોઈ ગટર નથી કે ગમે તે અંદર નાખી શકાય.જો એવું થાય તો એના પરિણામ કેવા આવે છે. એનો આપણને અનુભવ છે.

જે કંઈ ખાઈએ છીએ એનો સ્વાદ માત્ર ને માત્ર ભાષા દ્વાર જ થાય છે.જીભ જો સ્વાદ રહિત બની જાય તો આપણને કોઈપણ રસની કશી જ ખબર પડે નહી.જેટલા ખાદ્ય પદાર્થ છે એનો સ્વાદ જીભના આગળના ભાગ સાથે ક્ષણભરના સંયોગથી છે.ગળાની નીચે ઉતર્યો કે સ્વાદિષ્ટ અને સ્વાદહીન ભોજન બંને એક છે.મોઢામાંથી કોળીયો નીચે ઉતરતાંની સાથે જે એનો સ્વાદ આપણે માણી શકતા નથી.એક ક્ષણ માટેનો આનંદ આપણને કેવા કેવા રંગ બતાવતો હોય છે.આપણે જાણીએ છીએ કે જીવનમાં સંયમ મહત્વનો છે. જો આપણે આપણી જીભ ઉપર સંયમ રાખતા શીખી જઈએ તો કોઈપણ પ્રકારનો પ્રશ્ન રહેતો નથી.સ્વભાવ અને સ્વાદને કાબુમાં રાખતા શીખો.સારો સ્વાદ અને સારો સ્વભાવ માણસની ઉંચાઈ વધારે છે.સ્વાદનો સબંધ જીભની જેમ સ્વાસ્થ સાથે પણ છે.વધારે પડતા ચટકા વધારે રોગ નિમંત્રે છે.સ્વાદ પ્રત્યે રાગ હોવો ન જોઈએ.કોઈપણ વસ્તુ પ્રત્યેનો અતિરાગ જીવનને ડુબાડતો હોય છે.આપણે જીવવા માટે ખાવું જોઈએ.ખાવા માટે જીવવાની જરુર નથી.કેટલાક લોકો તો માત્ર ખાવા માટે જ જીવતા હોય એવા અનુભવ થાય છે.એવા લોકોને ઈશ્વર વહેલા બોલાવતો હોય છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે : જગતના લોકો જેને મજા અથવા સ્વાદ કહે છે, તે પોતાની ઝેરીલી અસર કર્યા વિના કેવી રીતે રહી શકે ?જેને સ્વાદના ચટકા છે, એ ઝેર સમાન છે. આપણે જે ખાવાની વધારે ઈચ્છા હોય એનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ થાય એ જરુરી છે.વધારે ખાઓ-સ્મશાને જાઓ,એવો ઘાટ થાય છે. ડૉ.કિશોરસિંહ સોલંકી

(સૌ.સંદેશ)

## જાણવા જેવું

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઈ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

બેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઈતિહાસમાં ધી કેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઈ જવાતો હતો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર ક્લાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# અખબારી સ્વાતંત્રતા ઝુંટવવાના અમેરિકી પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની જોહુકમી સામે ૩૦૦ અખબારોએ એક સાથે એક વિષય પર તંત્રી લેખ લખ્યો

પત્રકારિત્વના ઈતિહાસમાં અમેરિકામાં એક જબરજસ્ત ઘટના તાજેતરમાં બની છે.અમેરિકાના ૩૦૦ જેટલા અખબારોએ એકસાથે એક દિવસે પોતાના તંત્રીલેખ એક જ વિષય પર લખ્યો. અને આ વિષય હતો પ્રેસની સ્વતંત્રતાનો.અમેરિકામાં જ્યારથી પ્રેસડેન્ટ તરીકે ટ્રમ્પનું શાસન શરુ થયું છે ત્યારથી સરકાર અને અખબારો વચ્ચે સતત ઘર્ષણ ચાલી રહ્યું છે.અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પની પ્રકૃતિ ભુતકાળના અમેરિકાના પ્રેસિડેન્ટ કરતાં તદ્દન વિપરિત છે. મીડીયાને પ્રેસિડેન્ટ ટ્રમ્પ બોગસ કહે છે.તો કહે છે કે બોગસ મીડીયાવાળાઓએ મને વ્હાઈટ હાઉસમાં જવા માટે રોકવાની કોશીશ કરી હતી.પરંતુ હું પ્રેસિડેન્ટ છું. એ લોકો નથી.અમેરિકાના ન્યુયોર્ક ટાઈમ્સથી માંડીને ધ બોસ્ટન ગ્લોબ સુધીના અખબારો કે સીએનએન જેવી ન્યુઝ ચેનલો સાથે પ્રેસિડેન્ટ ટ્રમ્પને બનતું નથી.મીડીયા માટે ટ્રમ્પ અનાપ શનાપ બોલે છે.અને અખબારનું લાયસંસ રદ કરવા સુધીની ધમકીઓ આપે છે. પત્રકાર સાથે ટ્રમ્પ એવી રીતે વર્તે છે કે તેમના ગુલામ હોય.

૨૦૧૫માં ટ્રમ્પના ચુંટણી પ્રચાર દરમિયાનનો એક વીડીયો ખુબ વાઈરલ થયો છે. આ વીડીયોમાં પ્રેસિડેન્ટ પદના ઉમેદવાર ટ્રમ્પ પ્રેસ કોન્ફરન્સ સંબોધી રહ્યા છે.ત્યારે સ્પેનીશ ભાષાની ચેનલ યુનીવીઝનના એક પત્રકાર હોરંગે ટ્રમ્પને પ્રશ્ન પુછવાની શરુઆત કરે છે.પરંતુ ટ્રમ્પ તેને ભાવ આપતાં નથી.અને બીજા લોકોને પ્રશ્ન પુછવાનું કહે છે. પરંતુ હોરંગે પણ જુદીજ માટીનો પત્રકાર છે. તે ટ્રમ્પનો પીછો છોડતો નથી. અને પુછે છે કે મારે તમને તમારી ઈમીગ્રેશન પોલીસી માટેનો સવાલ પુછવો છે. તમે ૧.૧૦ કરોડ લોકોને દેશની બહાર ના કાઢી શકો. ટ્રમ્પ આ તબક્કે અકળાઈ છે અને કહે છે કે બેસીજા તને અહીયાં બોલાવ્યો નથી બેસીજા... પરંતુ પત્રકાર તો પત્રકાર હોય છે તે ગભરાતો નથી.હોરંગે હજુ પણ મોટેથી બોલીને કહે છે કે તમે સરહદ પર ૩ હજાર કી.મી.ની લાંબી દિવાલ ના બનાવી શકો. ટ્રમ્પે હવે તેના સિક્યોરીટીને ઈશારો કરે છે અને સિક્યુરીટી પત્રકાર હોરંગને ધક્કામારીને પ્રેસ કોન્ફરન્સની બહાર કાઢી મુકે છે.

ટ્રમ્પનો આ ચુંટાયા પહેલાનો મિજાજ હતો હવે તો એ પ્રેસિડેન્ટ છે અને તેની પાસે અમર્યાદીત સત્તા છે.દુનિયાને ખતમ કરી નાંખવાના ન્યુક્લિયર પાવરના બટનો અત્યારે તેમની પાસે છે.અને ટ્રમ્પ હજુ પણ નરમ પડે તેમ નથી.ચુંટણી સમયે ટ્રમ્પે બે પોનસ્ટારોને ચુપ રહેવા માટે તેમના વકીલ કોહેને દ્વારા રુપીયા અપાયા હોવાનો ઘટસ્ફોટ થયા બાદ પણ પ્રેસિડેન્ટ ટ્રમ્પ ધમકીની જ ભાષા બોલે છે. અને કહે છે કે ઈમ્પીચમેન્ટ દ્વારા મારી પાસેથી જો સત્તા છીનવી લેવામાં આવશે તો અમેરિકાનું અર્થતંત્ર તુટી પડશે. પોનસ્ટારોને આપેલા પૈસા એ મારા અંગત પૈસા હતા. ચુંટણી ભંડોળના પૈસા ન હતા.સવાલ હવે પ્રેસની સ્વતંત્રતાનો છે. અમેરિકામાં પ્રેસિડેન્ટ ટ્રમ્પ ઈચ્છે તેજ અખબારોએ છાપવું કે પછી જે સાચું હોય તે છાપવું તે અંગે ચર્ચાઓ શરુ થઈ છે.ટ્રમ્પના વિરોધમાં જ્યારે અમેરિકાના નાના મોટા ૩૦૦ અખબારોએ પ્રેસની સ્વતંત્રતા માટે એક દિવસ એક સાથે એક જેવા તંત્રી લેખો લખ્યા ત્યારે દુનિયાને ખ્યાલ આવ્યો કે અમેરિકા જેવા લોકશાહીના સમર્થક દેશમાં અખબારોની હાલત સરકારે કેવી કરી નાંખી છે. અમેરિકાના અગ્રણી અખબાર ન્યુયોર્ક ટાઈમ્સે તો તેના તંત્રી લેખમાં લખ્યું કે એક અમેરિકાના રાષ્ટપતિ હતા થોમસ જેફરસન. તેઓ કહેતા જો મારી પાસે



બે વિકલ્પ મુકવામાં આવે કે જેમાં સરકાર હોય પરંતુ અખબાર ના હોય અને બીજા વિકલ્પમાં અખબાર હોય પરંતુ સરકારના હોય તો હુંએક સેકન્ડમાં બીજો વિકલ્પ પસંદ કરું.આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે.૨૦૧૮માં સરકારી અધિકારીઓ દ્વારા પ્રેસ પર હુમલા કરવામાં આવ્યા. સરકારને જે સત્ય પસંગ નથી તને તે લોકો ફેક ન્યુઝ કહે છે.જે લોકશાહી માટે ખતરનાક છે. પત્રકારોને જનતાના દુશ્મન કહેવા તે તેનાથી વધુ ખતરનાક છે.

ન્યુયોર્ક ટાઈમ્સ જેવું અખબાર જ્યારે આવી વાત લખતું હોય ત્યારે ખબર પડે કે અમેરિકામાં પ્રેસની શું હાલત હશે ?પ્રેસિડેન્ટ ટ્રમ્પ વિરુધ્ધ દેશના ૩૦૦ અખબારોની આગેવાની લેનાર અમેરિકાના ૧૪૭ વર્ષ જુના અખબાર ધ બોસ્ટલ ગ્લોબ લખે છે ખે પ્રેસિડન્ટ ટ્રમ્પની રાજનીતિનું મુખ્યકેન્દ્ર છે આઝાદ પ્રેસ પર સતત હુમલો કરવો . પત્રકારોને અમેરિકાના નાગરિક નહીં પરંતુ લોકોના દુશ્મન તરીકે સરકાર ચીતરી રહી છે. આજે અમેરિકામાં અમારી પાસે એવા પ્રેસિડેન્ટ છે જેમને એવી વિચારધારા તૈયાર કરી છે કે મીડીયાનો જે ભાગ સરકારની નીતીઓને સપોર્ટ નથી કરતું તે જનતાનો દુશ્મન છે. પત્રકારઓએ હંમેશા બે ધારી તલવાર પર ચાલવાનું હોય છે.પત્રકાર જો સરકારના વખાણ કરે તો તેને સરકારના ચમચા તરીકે ચિતરવામાં આવતો હોય છે અને પત્રકાર જો સરકારની ટીકા કરે તો તેના પર સરકાર ખફા થઈ જાય છે અને ચારે તરફથી ભીંસમાં મુકવામાં આવતો હોય છે.પત્રકારનું કામ તો સમાજ અને સરકારને અરીસો બતાવવાનું છે અરીસામાં તમે જેવા હોવ તેવા દેખાવો છો. તેમાં ક્યારેય અરીસાનો વાંક કાઢી શકાય નહીં.પરંતુ શાસકોને જ્યારે પોતાની છબી લોકો સમક્ષ ખરાબ દેખાતી હોય થે ત્યારે વાંક અરીસાનો કાઢતા હોય છે.મીડીયાની ઘણી બધી ખામીઓ હશે પરંતુ એક હકીકત છે કે લોકશાહી માટે મીડીયા અનિવાર્ય છે. કારણ કે સમાજ નેતાઓ પર આંખો બંધ રાખીને ભરોસો ના કરી શકે.

પત્રકારને જ્યારે સમાજના ચોથા સ્તંભ તરીકે ઓળખવામાં આવે છે ત્યારે આ ચોથા સ્તંભની કાળજી લેવી તે પણ સમાજની ફરજ થઈ પડે છે.અમેરિકામાં અત્યારે પત્રકારિત્વ પર જે સંકટ દેખાય છે તેવુ સંકટ દુનિયામાં ચારે તરફ ફેલાયેલું છે. તાનાશાહ સરકારો નિર્ભિક,નીડર આખાબોલા પત્રકારને સહન કરી શકતી નથી.શાસ્ત્રમાં કહેવાયું છે કે સત્યમ બ્રુયાત, પ્રિયમ બ્રુયાત એટલે સાચું બોલો પણ પ્રિય બોલો. પરંતુ પત્રકારત્વના ક્ષેત્રમાં આ વાત શકય નથી. સાચી વાત હંમેશા શાસકોને કડવી લાગતી હોય છે.સાચી વાત પર પત્રકારો ગમે તેટલા મીઠાસના આવરણ ચઢાવી લખે તો પણ શાસકોને પસંદ આવતી નથી. એટલે આ તબક્કે પત્રકાર માટેમાત્ર એક ઓપ્શન ખુલ્લો રહે છે કે શાસકોને પસંદ આવે તેવી વાત લખો.આ ઓપ્શનમાં પછી સત્ય ગુંગળાઈ જતું હોય છે ત્યારે પત્રકારોથી સહન નથી થતી ત્યારે તેની કલમમાંથી આગ ઝરે છે અને આ આગ ક્યારે વિદ્રોહ બનીને જનમાનસ પર છવાઈ જતી હોય છે.તેની ખબર નથી શાસકોને પડતી કે નથી પત્રકારોને પડતી.પરંતુ આ વિદ્રોહની સુનામીમાં સરકારો તણાઈ જતી હોવાનો ઈતિહાસ આલેખાયેલો છે. અમેરિકામાં આવનારા દિવસો પ્રેસિડેન્ટ ટ્રમ્પ પર જોખમ તોળાયેલું છે અને એટલે જ પ્રેસિડેન્ટ ટ્રમ્પ ધમકીના ભાષા બોલવા માંડ્યા છે કે મારી સરકારને પાડશો તે અમેરિકા બરબાદ થઈ જશે.જો કે હવે આવનારો સમય જ કહેશે કે કોણ આબાદ થશે ?અને કોમ બરબાદ થશે ?અમેરિકાની મહાનતા એ વાત પર નિર્ભર છે કે મુક્ત પ્રેસ સત્તાની સામે નિર્ભયતાથી સાચી વાત રજુ કરે . મીડીયા પર જનતાનું દુશ્મન હોવાનું લેબલ ચોટાડવાની અમેરીકાની પરંપરા નથી.૨૦૦ વર્ષથી જે નાગરિકતાની સમજ આપણે વિકસિત કરી છે તેમાં આવું ફરમાન ખતરારુપ છે. - ધ બોસ્ટન ગ્લોબ

( સાભાર સંદેશ)

## જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્કીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્કીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

લેડી ડાયેનાએ સહી કરેલા પત્તાની હરાજી કરવામાં આવી ત્યારે એ એક પત્તાના ૮ લાખ ૩૨ હજાર રૂપીયા ઉપજ્યા હતા. આ પત્તુ એર હોસ્ટેસ શેલા બાર્કલે વ્હાઈટ દ્વારા સાચવી રાખવામાં આવ્યુ હતું.

ગ્રેહામ ગિન્ડના બ્રાઈટન અર્ખ નામના પુસ્તકની પ્રથમ એડીશનની કિંમત એશી હજાર રુપીયા બોલાય છે.

સેક્સી સ્ટાર ડેની મુરને સ્ટ્રીપ્ટીઝમાં કામ કરવા માટે છત્રીસ કરોડ રુપીયા મળેલા છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.